

કુલીનની કન્યા.

Reg. No. 226.

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.

એક દુઃખી કન્યાની હૃદયદ્રાવક આત્મકથા.

કુલીનની કન્યા.

(પૂર્વાર્ધ.)

લેખક.-

બુલાખીરામ રણછોડ પંડ્યા.

મુ. ડાકોર.

પ્રકાશક:-

ત્રિભુવનદાસ દલપતરામ પટેલ.

શાહપુર વનમાળીવાંકાની પોળ-અમદાવાદ

સોલ એજન્ટ:-

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.

પાનકોર નાકા-અમદાવાદ

આવૃત્તિ ૧ લી. પ્રત. ૨૦૦૦

સંવત ૧૯૭૮ સને ૧૯૨૨

કીંમત રૂ. ૦-૪-૦

વસંત-વિહાર.

સચિત્ર. આવૃત્તિ ૨ જી સચિત્ર.

લેખક "વસંત"

ઉત્તમ પ્રકારની ગઝલો તથા રસમય કાવ્યોથી ભરપૂર

પ્રેમ, ભક્તિ, વૈરાગ્ય, શૃંગાર, સાહિત્ય, ધર્મ વગેરે અનેક વિષયો ઉપર ઓજસ્વી ગઝલો તેમજ કાવ્યોનો સંગ્રહ આ પુસ્તકમાં પ્રસિદ્ધ થયેલ છે. ગ્લેજ કાગળ, મનહર છપાઈ, સોનેરી પાકું પૂંઠું હોવા છતાં કીંમત રૂ. ૨-૮-૦

સોલ એજન્ટ

બુકસેલર હરગોવનદાસ હરજીવનદાસ.
પાનકોર નાકા—અમદાવાદ.

અજીબ વસંત.
કીંમત માત્ર રૂ. ૦-૬-૦.

કમનસીબ કમળા.
કીંમત માત્ર રૂ. ૦-૪-૦

અમદાવાદ—શાહપુર વનમાળી વ.કાની પોળમાં હરિભાઈ દલપતરામે પોતાના "ગ્રન્થોદય" પ્રેસમાં છાપી.

પ્રથમાવૃત્તિની પ્રસ્તાવના.

સુજ્ઞ વાંચક ! આ લઘુ પુસ્તક આજકાલ લખાતાં આશુક માશુકનાં **હાસ્ય** અને **શૃંગારરસથી** છલકાતાં નોવેલો કે નાટકો જેવું, કે **વીર** અને **રૌદ્ર** રસથી ઉભરાતી ઐતિહાસિક કે પૌરાણિક કથા જેવું, અથવા મેફીલો અને બંગલોમાં ગવાતાં **તોરા** અને **કલગીના** તાન ટપ્પાથી દીલ રંજીત થાય તેવું ત્હારા જોવામાં નહિ આવતાં કદાચ ત્હને નિરાશા ઉત્પન્ન થશે; પરંતુ આપણા આધુનિક ગૃહસંસારની સ્થિતીના સ્વાનુભવથી પ્રત્યક્ષ થતી ખામિયો દૂર કરી, ત્હેને સુધારવાની ઇચ્છાનો અંશ પણ જો ત્હારા હૃદયમાં હોય; તો આ નિર્દોષ તરૂણીની **કરૂણાત્મક** આત્મકથાનું આદ્યન્ત પઠન કર. અને કુસુમકળિયો સમાન કુમળા હૃદયનાં હજારો નિર્દોષ બાળ બાલિકાઓનાં આશાવંત જીવનનો વિધ્વંસ કરનાર **બાળલગ્ન, કન્યાવિક્રય, કજોડાં** અને મિથ્યા કુળભિમાન રૂપ રાક્ષસોના સપાટામાંથી આપણા સમાજને મુક્ત કરવા કટિબદ્ધ થા. એજ અંતિમ હેતુને સિદ્ધ કરવા આવા લેખોને ઉત્તેજન આપી ત્હેને જનસમાજ સમક્ષ રજુ કરવા આપણા સર્વ જ્ઞાતિહિતચિંતક અગ્રેસરો, અને શ્રીમંતોના અંતઃકરણમાં પ્રેરણા કરાવ એજ આ પુસ્તક વાંચ્યાનું અને પ્રગટ થવાનું સાર્થક.

આ લઘુ કાવ્ય જનસમાજના કરકમળમાં રજુ કરવાનું સદ્‌ભાગ્ય હું જેમના વડે પામ્યો છું: અને જેમના સમાગમથી મ્હારા આત્મજીવનમાં પણ મ્હને કાવ્યપીયુષનો આસ્વાદ પ્રાપ્ત થાય છે, અને મ્હારી અસંસ્કારિક વાણીને જેઓના પ્રતાપે કંઇ સંસ્કાર મળવા પામ્યા છે; તેમજ મ્હને સંસ્કૃત ભાષાનું બિલકુલ જ્ઞાન નહિં હોવા છતાં જેઓની સહાયથી **મહાકવિ શ્રી કાલિદાસ પ્રણિત "મેઘદૂત કાવ્ય"** નું સમશ્લોકી ગુજરાતી ભાષાન્તર કરવા હું ભાગ્યશાળી થયો છું. અને ઉત્તરોત્તર એવાજ કાર્યોમાં મ્હને પ્રેરવાનો જેમનો પ્રયત્ન સદા ચાલુજ છે. તે મ્હારા પરમ પૂજ્ય બાળ સ્નેહી શ્રીયુત્ **ભટ્ટ ગિરજાશંકર દેવશંકર બી. એ.** નો ઉપકાર માની આ મ્હારા પ્રથમ પ્રયાસના ફળરૂપ લઘુ કાવ્યની લઘુ પ્રસ્તાવના પૂર્ણ કરૂં છું. **इति शिवम्.**

ડંકપુર.
દેવશયની એકાદશી.
વિક્રમાર્ક-૧૯૭૩

લેખક
બુલાખીરામ રણછોડ પંડયા.

છઠ્ઠી આવૃત્તિની પ્રસ્તાવના.

આ પુસ્તકની પાંચમી આવૃત્તિ ઘણાજ ટુંક સમયમાં ખલાસ થયેલી છે અને વાંચકોની માગણીને પહોંચી વળવા આ પાંચમી આવૃત્તિ કાઢવાની જરૂર જણાઇ છે. આ પુસ્તકે જન સમાજમાં કેટલી પ્રિયતા મેળવી છે તે આ ઉપરથીજ સાબીત થાય છે. ઉત્તરાર્ધ ભાગને માટે વાંચક બંધુઓ તરફથી ઘણીજ માગણી કરવામાં આવે છે. પરંતુ કેટલાક વ્યવસાયથી તે પ્રગટ થવામાં ઢીલ થયેલી છે, તો ઘણા ટુંક સમયમાંજ વાંચકોની તે ઇચ્છા પૂર્ણ થશે.

ડંકપુર.
વિજયા દશમી.
સંવત ૧૯૭૮

બુલાખીરામ રણછોડ પંડયા.

જનની જન્મભૂમિ.

મંગળમય પરમ પવિત્ર, જનની જન્મભૂમિ;
નિરમળ તવ ચારૂ ચરિત્ર, જનની જન્મભૂમિ. ટેક.

અનિત પ્રભાવ અલૌકીક ત્હારો, શેષ સહસ્ર મુખ ગાયરે;
નેતિ નેતિ વદી નિગમ વિરામે, ભારતિ પણ ભૂલાય, જન૦

અનુપમ સ્વર્ગ સહનથી અદકો, સુખદ વિમળ તવવાસરે;
કોટી ભાનુ શશિ કિરણ થકી, પણ અતુલિત તવ ઉજાસ. જન૦
ત્રિભુવનવિહિત તપોવન રૂડાં, નંદનવનથી અપૂર્વરે;
સર સરિતા ગિરિવર વન ઝાઢાં, તવ ઉર પર ભરપૂર. જન૦

રઘુકુળતિલકરામ યદુનંદન, શંકર બુદ્ધ સમાનરે;
અવતરીયા જગના ઉદ્ધારક, તવ ઉદરે ભગવાન. જન૦
જનની તવ ઉદરે બહુ જન્મયા, રૂષિ મૂનિ સંત મહંતરે;
શાસ્ત્ર અનંત રચીને પામ્યા, અગમ નિગમનો અંત. જન૦

વીર વજ્રદેહી રણધીરા, દિગ્વિજયી બળવાનરે;
અચળ પાય રોપી રણ ધૂમે, એવા તુજ સંતાન. જન૦
તું દેવી મહાદેવી માતા, હું બાળક તવ દાસરે;
તુજ સેવા અરથે તન અરપું, અંતર ધરી ઉલ્લાસ જન૦

એક દુઃખી તરૂણીની હૃદયદ્રાવક આત્મકથા.

કુલીનની કન્યા.

લેખકનો પરિચય.

વસંતતિલકાવૃત્ત.

વિશ્વેશ રાય રણછોડ જહાં વસે છે,
જ્યાં ગોમતીજળ પવિત્ર તરંગ લે છે,
શ્રી ડંકનાથ શિવ જ્યાં નિકટે વસે છે,
તે તીર્થ ડંકપુરમાં મુજ વાસ તો છે. ૧

આ જગતના વિવિધ રંગ અનુભવેલા;
ત્હેના કંઇક પડઘા હૃદયે રહેલા;
તે પૈકીની હૃદયદ્રાવક આ કથાને,
વાંચી ચહો વિર સમાજ સુધારવાને. ૨

હરિગીત.

હું એક વેળા દિવસના પરિશ્રમ તણી શાન્તી થવા,
સમિસાંજના સૌન્દર્યને આનંદથી અવલોકવા;
તનમાં તપેલા ગ્રિષ્મના પરિતાપને હોલાવવા,
મનથી વિચારી નીકળ્યો સર ગોમતી તીરે જવા. ૩

સહુ જગતને તપવી રવિ નભમાંહી છૂપાતો હતો,
સીંદૂરવરણો રંગ સન્ધ્યા સમય ફેલાતો હતો;
પંખી ઉડી નભ મારગે નિજ આશ્રમે જાતાં હતાં,
સંધ્યા સમયની આરતીનાં વાદ્ય મધુરાં વાગતાં. ૪

તટનાં તરૂ ડોલાવતો વાયુ ધિમો વાતો હતો,
નભમાં લટકતાં વાદળાંનો રંગ બદલાતો હતો;
* પ્રાચી દિશાથી આવતું દેખાય સૈન્ય +નિશા તણું,
જામ્યું દિવસ રાત્રી તણું સંગ્રામ એવું લાગતું. ૫

લીલા જગતના નાથની અવલોકતો આગળ ગયો,
હું ગોમતીની પાળના તરૂવર તળે ઉભો રહ્યો;
સજ્જન હૃદય સરખું અતિ નિર્મળ સરોવર શોભતું,
ઉજ્જવળ સ્ફટિકના રંગ સરખુ સ્વચ્છ પાણી દીસતું. ૬

તે દિવ્ય દર્પણના સમું પરિપૂર્ણ શુદ્ધ પ્રકાશતું
સો વિશ્વને નિજ હૃદયમાં ધારણ કરી દેખાડતું;

---
* પૂર્વ. + રાત્રી.

શીતળ સુગંધી વાયુથી ચંચળ તરંગો નાચતા,
તટ ઉપરનાં તરૂવર તણાં પ્રતિબીંબને ડોલાવતા. ૭

મોટા મગર ને મચ્છ કચ્છો મ્હાલતાં જળમાં ઘણાં,
તે પ્રાણીયોના ચલનથી થાતાં કુંડાળાં મધ્યમાં;
સ્હામે કિનારે ટૌકતાં સારસ તણાં શુભ જોડલાં,
કલરવ કરે આનંદથી યુથ હંસ કારંડવતણાં. ૮

મનહર બગીચા તુલ્ય મધ્યે કમલિની ખીલી રહી,
ત્હેમાં ભ્રમર ગુંજારતા લેતા સુવાસ સરોજની;
તટના તરૂપર મધુરનાદે કોકિલા ટૌકારતી,
નાચે મયૂરનાં વૃંદ માંડીને કળા ઉલ્લાસથી. ૯

જળ પંખિયો જળ મધ્ય ડોક હલાવતાં ઘૂમી રહ્યાં,
કંઇ પંખિયો આકાશમાં જળની ઉપર ઉડી રહ્યાં;
અલકાપુરી સમ દૂરથી દેખાય =ડંકપુરી રૂડી,
આનંદદાયક ગોમતી ×માનસ સમી શોભી રહી. ૧૦

ધીમે ધીમે રજની દીસે પ્રાચી દિશાથી આવતી,
તે આભની લાલાશને કાળાશમાં પલટાવતી;
દૂરના પદાર્થો દ્રષ્ટિએથી બંધ દેખાતા થયા,
ચોમેરથી *રજનીચરોના શબ્દ થાવા લાગિયા. ૧૧

લાગ્યાં બિડાવા પદ્મ સૌ દિનકર છુપાતાં આભમાં,
રજની તણા શણગાર કંઇ તારા ઉગ્યા આકાશમાં;

= ડાકોર. × માનસરોવર. * રાત્રે ફરનાર પ્રાણીઓ.

હું એક ચિત્તે સૃષ્ટિના સૌન્દર્યને નીહાળતો,
તરૂના થડે ટેકો દઈને ધ્યાનમાં ઉભો હતો. ૧૨

તે સમય ખગરવનો થયો કંઈ ખાસ મ્હારા કર્ણમાં,
મુજ ધ્યાન ભંગ થઇ ગયું ને ચોંકિયો હું ચિત્તમાં;
કીધી નજર તે પાસ તો મ્હેં એક દીઠી સુંદરી,
વય વીશ વર્ષ તણી જણાતી ચાલતી ધીમી ગતી. ૧૩

મનથી વિચાર્યું તે પળે મ્હેં, કોણ આ નારી હશે;
એકાન્તમાં આ સમય આવી તેહ કારણ શું હશે;
શંકા થઇ મુજ હૃદયમાં, કે શું હશે વ્યભિચારી એ,
હું સ્હેજ છૂપાઈ ગયો જોવા તમાસો તે સમે. ૧૪

દેખ્યો નહીં તેણે મ્હને પણ મ્હેં નિહાળી દુરથી,
તે ગોમતીના જળ ભણી નિજ મુખ કરી ઉભી રહી;
નિજ અંગ ઉપર શ્યામરંગી વસ્ત્ર પહેરેલું હતું,
સંધ્યા તણી કાળાશમાં તે મિશ્ર થઈ જાતું હતું. ૧૫

કરમાયલા પંકજ સમી નિસ્તેજ કાન્તિ લાગતી,
અશ્રુ નિહાળ્યાં આંખમાં ઉંડા નિસાસા નાંખતી;
ભડકેલ હરણી પેઠ તે ચોમેર દ્રષ્ટિ નાંખતી,
ધીમે સ્વરે મુખથી કંઇ ઉચ્ચાર એ કરતી હતી. ૧૬

મનથી થયો નિશ્ચય મ્હને વ્યભિચારણી નારી નથી,
નિજ નાથથી કે અન્યથી નક્કી રીસાઇ લાગતી;



ઓ બાપુ મરવા દ્યો મ્હને આ છે નકામી જીંદગી,
મ્હારા સમી દુર્ભાગિણીને સાર જીવ્યામાં નથી.

MONARCH PRINTERY, AHMEDABAD

કરશે કદી તન ત્યાગ તે, એવું વસ્યું મારા ઉરે,
ઢુંકી મતિની તારૂણી મરતાં વિચાર નહીં કરે. ૧૭

વાળી કછોટો ઉતરી જળની લગોલગ તે ગઇ,
મનથી વિચાર્યું મ્હેં પ્રગટ થાવું હવે નક્કી અહીં;
જળમાં ઝુકાવા તે ગઇ મ્હેં દોટ મૂકી તે પળે,
હાં ! હાં ! કહીને હસ્ત ઝાલી ખેંચીને રાખી બળે. ૧૮

કંપી ઉઠી તે કામિની રોમાંચ લાગ્યો દેહને,
અણચિંતવ્યો દેખી મ્હને, ભય પૂર્ણ વાપ્યો તેહને;
મ્હેં ધૈર્ય આપીને કહ્યું બ્હીનીશ ના ઓ બ્હેન તું,
શા માટે ત્હેં આવું ભયાનક કર્મ કરવું આદર્યું. ૧૯

તું કોણ છે ! ને ક્યાં રહે છે ? શા દુખે મરવા ચહે,
મુજને ગણીને ધર્મનો બંધુ સરવ સાચું કહે;
કંઇ ધૈર્ય આવ્યું તેહને આ શબ્દ મ્હારા સાંભળી,
ચોધાર આંસુ સહિત કરૂણા કંઠથી તે ઉચરી. ૨૦

“ ઓ ભાઈ મરવા દો મને આ છે નકામી જીંદગી,
મ્હારા સમી દુર્ભાગિણીને સાર જીવ્યામાં નથી;
દુખરૂપ મ્હારા દેહને આરામ મર્ણ વિના નથી,
ભવરૂપ આ ભવ માંહિ ભય હરનાર મ્હારૂં કો નથી. ૨૧

શામાટ રોકો છો મ્હને ભાગ્યો તમારે આશરે,
મરણ મ્હને મરવા તણી, ઓ ભાઈ મરવા દો મ્હને;

મુજ મર્ણથી આ જગતમાં રડનાર પાછળ કો નથી,
મુજ મર્ણથી જન કોઈને દીલગીર થાવાનું નથી. ૨૨

ઓ ભાઈ છોડો હાથ મ્હારો આજ મરવા દો મ્હને,
બહુ પુણ્ય તમને લાગશે, યમપુર જાવા દો મ્હને;
આ ગોમતી ગંગા તણા જળમાં સમાવા દો મ્હને,
મીઠા મરણની સાથ ભેટો આજ કરવા દો મ્હને." ૨૩

આ સાંભળી કરૂણા ભરેલાં વેણ એ તરૂણી તણાં,
હૈયું ભરાયું આપણું મુજ આંખમાં અશ્રુ વહ્યાં;
મુજ અંતરે આવી દયા આ શબ્દ તેના સાંભળી
મ્હેં ધૈર્ય ધરવા તેહને બહુ રીતથી વિનતી કરી. ૨૪

મરવા નહીં દેઉં ત્હને કોટી ઉપાયે આજ હું,
મુજ દેહમાં છે પ્રાણ ત્યાં સુધી ન છોડું હાથ હું;
સન્ધ્યા સમય વીતી ગયો છે, ચાલ મ્હારી સાથ તું,
તુજ ધર્મનો હું ભાઇ છું ચિન્તા જરા ના રાખ તું. ૨૫

આપી ધીરજ બહુ પેર મ્હેં મહા મહેનતે સમજાવીને,
મુજ ઘેર આવી તે પછી વિશ્વાસ અંતર આણીને;
આ વાત જાણી પોળનાં પાડોસીઓ ટોળે મળ્યાં;
નિહાળવા તે સુંદરીને સર્વ વીંટાઇ વળ્યાં. ૨૬

મ્હેં સર્વને માંડી કહી આદ્યન્ત બીના જે બની,
તે સાંભળી સૌને મુખે છાયા પડી ગઇ શોકની;

સહુ બોલિયાં ઓ બ્હેન તારા દુ:ખની કથની કહે,
તુજ ગામ ક્યાં? તુજ ઠામ ક્યાં? તુજ નામ શું? સાચું કહે. ૨૭

શામાટે ત્હેં ઘર ત્યાગિયું ? શા દુ:ખથી મરવા ચહે ?
તુજ હૃદય ખોલીને અમોને સૌ કથા માંડી કહે;
આ સાંભળીને તે બિચારી પૂર્વનાં દુ:ખો સ્મરી,
ચોધાર આંસુ પાડતી નિશ્વાસ નાંખી ઉચરી. ૨૮

" મ્હારા વિતકની વારતા શા માટ પૂછો છો મ્હને,
શું સાર છે તે સાંભળીને શોક થાશે સર્વને;
બાકી રહ્યાં છે ઝાડ દુખનાં ઉગવાં આ શિર પરે,
શાં દુખ ભોગવવાં હજી બાકી હશે મ્હારે શિરે. ૨૯

નિર્ભાગિણી નારી જગતમાં મુજ સમી કો ના હશે,
દુખમાં દિલાસો પામવાનું સ્થાન જેને ના હશે;
ગમતું નથી મુજને હવે નિ:સાર લાગે જીંદગી,
પણ મર્ણ મોઘું થઇ પડયું મુજને તજે છે દૂરથી." ૩૦

* * *

* *

માતા પિતાને એકલી હું લાડકી બાળા હતી,
મુજને નિહાળી માત મ્હારી હર્ષ ઘેલી થઇ જતી;
માગું મુખે તે તાત મ્હારા આપતા મુજને હતા,
પળવાર મુજને આંખથી અળગી નહિં કરતા હતા. ૩૧

સહુ જીંદગીનો સાર મુજને માનીને ઉછેરતા,
સુખમાં સદા મુજને વસાવા આશ અહકી રાખતા;
કપડાં ઘરેણાંથી મ્હને શણગારીને રાજી થતા,
આનંદમાં માતા પિતાના દિવસ એમ વહ્યા જતા. ૩૨

મનમાં ચહે શું માનવી ? શું દૈવ મનમાં ચ્હાય છે ?
સુખદુ:ખનું ચક્કર જુઓ ફરતું સદા દેખાય છે;
સરખા દિવસ આ જગતમાં ચિરકાળ કોના જાય છે,
સંધ્યા સમયના રંગની પેઠે દશા બદલાય છે. ૩૩

ફરતું દશાનું ચક્ર આવ્યું મૂગ સુખનાં છેદવા,
આનંદનાં તરૂવર સુકાયાં દિવસ આવ્યા દુ:ખના:
મ્હારા પિતાનો દેહરૂપી બાગ કરમાઈ ગયો,
તે માંહિથી આત્મા અમરને દુષ્ટ કાળ હરી ગયો. ૩૪

મુજ માત દુખ માંહી ડુબી કલ્પાન્તમાં દિન ગાળતી,
મુજને લઇ ખોળા વિષે હરરોજ અશ્રુ સારતી;
હું પાંચ વર્ષતણી હતી કશુંએ સમજતી ના હતી,
કલ્પાન્ત કરતી માતને વળગી ગળે રડતી હતી. ૩૫

જે ઘર વિષે સુખશાન્તિ ને આનંદનો વાસો હતો,
જે ઘર વિષે પરિપૂર્ણ પ્રેમપ્રવાહ રેલાતો હતો;
જે ઘર વિષે સંગીતકેરાં વાદ્ય મધુરાં વાગતાં,
તે ઘર બન્યું વેરાન સમ ગૃહનાપતિ ચાલ્યા જતાં.. ૩૬

મુજ તાતના વિરહે દશા મુજ માતની માઠી થઇ,
દવથી બળેલી વેલનાં સરખી ગતિ ત્હેની થઇ;
રોતી અતિ દિનરાત મ્હારા તાતને સંભારીને,
નિશ્વાસ નાંખે આંખથી આંસુ ઉનાં વરસાવીને. ૩૭

પાડોશની સહુ નારીઓ બહુ રીતથી સમજાવતી,
પણ શોક કેરા પૂરની શાન્તી જરાએ ના થતી;
હરકોર નામે એક મ્હારી માતનાં સહિયર હતાં,
તે ઘેર આવી હરઘડી મુજ માતને સમજાવતાં. ૩૮

મુજ માત કેરો ભાઇ પણ દુઃખમાં દિલાસો આપતો,
તે ધૈર્ય આપીને સદા મુજ માતને સમજાવતો;
મુજ ઉપર રાખે પ્રેમ ઝાઝો હૃદયથી ચાંપે મ્હને,
મુજ તાતથી પણ અધિક અંશે પ્રેમ મુજ ઉપર કરે. ૩૯

હું તો પિતાને વીસરી મામા તણા બહુ વ્હાલથી,
પણ માત મ્હારી દિન દિને બહુ શોક ઉરમાં ધારતી;
હરકોર સમજાવે ઘણું પણ વાત વીસારે નહી,
મામી અને મામા કહે પણ ધૈર્યને ધારે નહી. ૪૦

જે નાથની સાથે વસી સંસારનું સુખ ભોગવ્યું,
જે નાથ સાથે પ્રેમ અમૃતપાન પ્રીતેથી કર્યું;
સંસાર પારાવાર તરતાં જે પતિની સ્હાયથી,
જગમાં જીવાયે કેમ થાતાં દૂર જીવનહારથી. ૪૧

કીડો હૃદયમાં શોકનો જાતાં સમય પેદા થયો,
દિનરાત મ્હારી માતનું અંતઃકરણ કોરી રહ્યો;
હરકોર મ્હારી માતને દરરોજ મળવા આવતાં,
ઓઠાં બતાવી અન્યનાં મુજ માતને સમજાવતાં. ૪૨

ગુણવંત નામે તેહને દશ વર્ષનો બાળક હતો,
મુજ ઘેર તે દરરોજ તેની માત સાથે આવતો;
તે સાથ હું રમતી હતી બહુ બાળચેષ્ટાઓ કરી,
મુજ માત પણ ત્હેને નિરખતાં દુઃખ જાતી વીસરી. ૪૩

લઇ જાય તે નિજ ઘેર મુજને રોજ રમવા કારણે,
હરકોર પણ નિજ પેટની પુત્રી સમી મુજને ગણે;
ઘરનાં ગરીબ હતાં તથાપી દીલનાં દાતા હતાં,
ઘર કામ પોતાનું તજી મુજ માત પાસે આવતાં. ૪૪

મુજ માત અંતરની વ્યથાથી છેક સૂકાતી ગઇ,
છોડયો ભરૂંસો જીવનનો, મ્હારી ફિકર ત્હેને થઈ;
ઉર એક ચિન્તા તો હતી તેમાં વળી બીજી બળી,
પડતા ઉપર પાટુ પડે તેવી દશા તેની થઇ. ૪૫

* * *

હું એક વેળા ઘરવિષે રમતી હતી ઉલ્લાસમાં
માતા સુતી'તી સાથરે, મામા હતા તે પાસમાં;
મુજને નિહાળી માતની આંખોવિષે અશ્રુ વહ્યાં,
તેડી મ્હને પાસે હૃદય ચાંપી વચન તેણે કહ્યાં. ૪૬

" એ બ્હેન ત્હારા બાપ પાસે હું હવે જનાર છું,
મામા તણી સંભાળમાં સોંપી તને જનાર છું; "
હું અણુસમજણી તે સમે મ્હેં માતને એવું કહ્યું,
મુજને અહીં ગમશે નહીં આવીશ ત્હારી સાથ હું. ૪૭

મુજ તાત પરદેશે ગયા ત્યાં એકલી તું ક્યાં જશે,
તે કેમ ત્યાં જઇને રહ્યા તું ઘેર ક્યારે આવશે;
આ સાંભળી માતાતણું હૈયું ભરાયું તે સમે,
કલ્પાન્ત તેણે બહુ કર્યું, મામે મનાવી તે સમે. ૪૮

તે દિવસથી મુજ માતને કારી ઝખમ લાગ્યો ઉરે,
મુજને નિહાળે ને રડે કલ્પાન્ત ઝાઝુ તે કરે;
વળતી પથારીવશ થઈ કાયા સુકાતી સૌ ગઇ,
સહુ રક્તમાંસ બળી ગયું ને કાષ્ટવત્ કાયા થઈ. ૪૯

આવે સગાંવહાલાં ઘણાં જોવા જનેતાની દશા,
મુજને નિહાળી સર્વના અંતર વિષે આવે દયા;
ગાત્રો ગળ્યાં મુજ માતનાં નિસ્તેજ કાયા તો થઇ,
સરવે સગાં સમજી ગયાં આશા મુકી જીવ્યા તણી. ૫૦

મુજમાં રહેલો જીવ ત્હેનો ફક્ત કાયાને વિષે,
' મ્હારી બિચારી બાળકીની શી વલે વળતી થશે;
નિશ્વાસ ઝાઝા નાંખતી મનમાં મુંઝાઇને રહે,
નજરે મ્હને જોતાં નયનમાં નીર આવે તેહને. ૫૧

બોલાય ના મુખથી છતાં બોળે મ્હને બોલાવતી,
ઉંડી પડેલી આંખ મ્હારા તરફ તાકી રાખતી;
મામી અને મામા હૃદયનો સહુ મરમ સમજી ગયાં,
મુજ માતકેરા કાનમાં ધીમે વચન તેણે કહ્યાં. ૫૨

“ઓ બ્હેન ચિન્તા ચિત્તમાં કમળાતણી કરશો નહી;
જુગતે કરીશું જતન અણુવિશ્વાસ ઉર ધરશો નહી;
અમ પેટની પુત્રી ગણીને પાળીશું ત્હેને અમે,
ચિન્તા વિસારી હૃદયમાં ધારણ કરો શ્રીરામને.” ૫૩

તે સમયથી મુજ માતની ચિન્તા જરા ઓછી થઇ,
વિશ્વાસ આવ્યો ભાઇ ને ભોજાઇનો મનની મહીં;
મુજ હસ્ત ઝાલીને મહા બળથી હૃદયમાં ચાંપિયો,
મામાતણા કરમાંહિ મ્હારો હસ્ત તેણે આપિયો. ૫૪

“ઓ ભાઇ આ મ્હારા જીવનની વેલ મ્હારી દીકરી,
ત્હારે શરણ સોંપું હવે સંભાળજે જુગતે કરી;
પાળક પિતા એનો બની પ્રીતે કરીને પાળજે,
લાયક થતાં લાયક તરૂની ડાળીયે વળગાડજે. ૫૫

અંતઃકરણની એક ઇચ્છા બહુ દિવસથી છે મ્હને,
કુમળા તણી કરવા સગાઇ હૃદયથી ગોઠ્યું મ્હને;
હરકોરના ગુણવંત ઉપર ચિત્ત મુજ ચોટી રહ્યું,
તે પૂર્ણ કરજે ભાઇ તું મ્હેં આજ દીલ ખોલી કહ્યું. ૫૫

ાતી મિંચાયાં નયન ત્હેનાં ફેરવ્યું પાસું જરી,
યા દીધી મ્હારી તજી, શ્રીરામ મુખથી ઉચરી;
જ ભાગ્યની ભુંડી દશાએ દિવસ એવો આવિયો,
જન્મદાતા માતને વિકાળ કાળ હરી ગયો. ૫૭

વર્ષ સાડાપાંચની જાણું નહીં કે મર્યું શું,
જ માત હમણાં આવશે હું એમ વિચારો કરૂં;
ન વીતતાં સુધી હૃદયમાં ધીર હું ધારી રહી,
બાદ મોટા શબ્દથી ઓ માત પોકારી રહી. ૫૮

તાં વિખૂટી ગાયથી જેવી બરાડે વાછડી,
રીત પાડી રાડ હું ઘર બ્હાર આવી તે ઘડી;
મી દશા મ્હારી નયનમાં નીર આવ્યાં સર્વને,
જ મન મનાવા લાગિયાં હરકોર આવી મુજ કને. ૫૯

જ ઘેર મુજને લઇ ગયાં ખાવા મ્હને ત્યાં આપિયું,
ગુવંતને નિરખી રમતમાં ચિત્ત દોરાઇ ગયું;
ચાર દહાડા એ રીતે હરકોરના ઘરમાં ગયા,
ગુવંત સાથે ખેલતાં આનંદમાં ચાલ્યા ગયા. ૬૦

ખ માતકેરી વાત મુજને યાદ આવે અંતરે,
કોર બીજી વાતમાં મુજ ચિત્તવૃત્તિ ફેરવે;
કોરકેરા હેતથી મુજ માતને ભૂલી ગઇ,
ગુવંતની સાથે રમતમાં વાત વિસારે થઈ. ૬૧

* * *

મુજ જીંદગીના નાટ્યકારે એક અંક પુરો કર્યો,
મામાતણે ઘર હું વસી જાણે જનમ બીજો ધર્યો;
દેખાય પરદેશી સમાં, સહુ માનવી તે ઠામમાં,
જાણે સ્વજનથી દૂર હું આવી અજાણ્યા ગામમાં. ૬૨

લાગે નવું સરવે મ્હને હું એકલી અતડી ફરૂં,
મુજ માતને સંભારીને હું આંખમાં આંસુ ભરૂં;
મામા મ્હને બહુ હેતથી હસીને સદા બોલાવતા,
લાગે રમતમાં જીવ માટે બ્હાર ફરવા લઈ જતા. ૬૩

ગુણવંત મ્હારો ગોઠિયો તે મુજ વિના ઘેલો ફરે,
દરરોજ રમવા કારણે તે આવતો મ્હારી કને;
તેને નિહાળી હૃદયમાં બહુ હેત મુજને આવતું,
તેના વિના મામાતણું ગૃહ શુન્ય સરવે લાગતું. ૬૪

થોડો સમય જાતાં પછી મુજ જીવ ત્યાં ગોઠી ગયો,
શેરીતણાં સૌ બાળકોથી સ્નેહ જોડાઈ ગયો;
પંખી પૂરાતાં પાંજરે પહેલું જરા ગભરાય છે,
સહવાસ થાતાં તે પછી ગીતો મધુરાં ગાય છે. ૬૫

બાંધ્યો સંબંધ નવો નવા દેશે જઈ જાણે વસી,
મનથી મટ્યું અતડાપણું હું સર્વથી બોલું હસી;
ભૂલી ગઈ મુજ તાતની શેરીતણા સહવાસને,
જાતાં સમય ભૂલી ગઈ, મુજ તાતના આવાસને. ૬૬

મુજ માત પાસે હઠ કરી બહુ વાર કંઈ કંઇ માગતી,
ઘડીમાં રિસાતી ને મનાતી, સર્વ તે ભૂલી ગઈ;
સ્વપ્ના સરિખી વાત સરવે આવતી મુજ અંતરે,
પણ ના ભુલાયો હ્રદયથી મુજ માત કેરા પ્રેમને. ૬૭

ઝાંખી છબી માતાતણી મુજ હૃદયમાં રમતી હતી,
છેલ્લી વખતના શબ્દ તેના યાદ હું કરતી હતી;
તે શબ્દના ઝણકાર મ્હારા કાન માંહી વાગતા,
મુજ રક્ત દ્વારા અંગમાં ખળકાર પણ તેના થતા. ૬૮

મામી અને મામાતણા સહવાસમાં દિન ગાળતી,
મુજ માત પિતા એજ છે હું એમ મનથી ધારતી;
સંતાનમાં બે પુત્ર પુત્રી એક મામાને હતી,
હું તેમની સાથે સદા આનંદથી રમતી હતી. ૬૯

પૈસે ટકે મામા પ્રથમથી પૂર્ણ ભીડાતા હતા,
સંસારનો સહુ ભાર તે મ્હા કષ્ટથી વહેતા હતા;
મુજ માતના મરવા પછી તે દુ:ખ કંઇ ઓછું થયું,
મુજ તાતના પૈસાવડે ગાડું ગબડવા લાગિયું. ૭૦

મામી સ્વભાવે આકળી અભિમાનની મૂર્તી હતી,
ડહાપણ વિષે સહુ વિશ્વ મનથી તુચ્છ તે ગણતી હતી;
સૌનાા ઉપર પોતાતણી સત્તા અધીક જણાવતી,
પોતા વડે ઘરબાર ચાલે એમ મનથી માનતી. ૭૧

મામા થકી ઘર માંહિ ઉંચા શબ્દથી બોલાય ના,
મામી તણી આજ્ઞા વિના કંઈ કાર્ય ઘરનું થાય ના;
દરરોજ કડવાં વેણુ બોલીને કનડતી તે હતી,
પાડોશમાં પણ સર્વ સાથે સ્હેજમાં લઢતી હતી. ૭૨

મામી તણી બહુ બ્હીક મ્હારા હૃદયમાં પણ લાગતી,
હું કોઇ વસ્તુ તેહની પાસે કદી નહિ માગતી;
મુજને કદી તે વ્હાલથી હસીને નહિ બોલાવતી,
દેખી મ્હને તે સર્વદા મોઢું ચઢેલું રાખતી. ૭૩

* * *

જળના પ્રવાહ સમાન દિવસો એ રીતે જાતા વહી,
મામા તણે ઘર માહરી વય આઠ વર્ષ તણી થઇ;
ભણવા નિશાળે રોજ સાંજ સવાર હું જાતી હતી,
ગુણવંતના સહવાસમાં હું હોંશથી ભણુતી હતી. ૭૪

નિજ ઘેરથી ગુણવંત મુજને તેડવાને આવતો,
દરરોજ મુજને પ્રેમથી નિશાળમાં તેડી જતો;
અંતઃકરણની ઐકયતા મ્હારી થઇ ગુણવંતથી,
પળવાર પણ અળગી થતાં મનમાં વ્યથા મુજને થતી. ૭૫

હું જાઉં તેને ઘેર રમવા કારણે મોસાળથી,
હરકોર મુજને દેખીને બોલાવતાં બહુ વ્હાલથી;
મુજ માત કેરાં વાકય ત્હેના હૃદયમાં રમતાં હતાં.
દેખી મ્હને આશા તણાં અંકુર ઉદ્ભવતાં હતાં. ૭૬

મુજ કાનમાં તે શબ્દના પડઘા સદોદિત પાડતાં,
ગુણવંતની સાથે મ્હને સહુ રીતથી સરખાવતાં;
પળશે વચન મુજ માતનું મનથી ભરૂંસો રાખતાં,
આશા સબળ થાવા વખતની વાટ એ જોતાં હતાં. ૭૭

એ રીત જાતાં સમય મ્હારી વય વરસ દશની થઈ,
હું સ્હેજ સારાસારને મનમાં સમજતી તો થઈ;
ગુણવંત સાથે રોજ હું જાતી હતી નિશાળમાં,
બુદ્ધિ વિશે તે પૂર્ણ પંકાતો હતો સૌ બાળમાં. ૭૮

તે કોઈની સાથે કદી મિથ્યા વચન નવ ભાખતો,
તે સર્વના ઉપર સદા સમભાવ મનથી રાખતો;
શુરવીર હિમ્મતવાન ને દીલનો દયાળુ તે હતો,
શુભ શીલવંતો ને સ્વરૂપમાં કામદેવ સમો હતો. ૭૯

મુજને નિહાળીને સદા તે પ્રેમઘેલો થઈ જતો,
મીઠાં વિનયવાળાં વચનથી સર્વદા રીઝાવતો;
તેને નજરથી ન્યાળતાં હું ભાન સૌ ભૂલી જતી,
તેના વિના પળ એક પણ જુગના સમી મુજને થતી. ૮૦

જળ મીન જેવી પ્રીત મ્હારા અંતરે જામી હતી,
ત્હેના અલૌકિક ગુણ ઉપર મોહ હું પામી હતી;
હું માનતી ગુણવંત મ્હારી જીંદગીનો સાર છે,
ભવસાગરે આ દેહરૂપી નાવનો આધાર છે. ૮૧

ધન્યભાગ્ય મ્હારૂં એ પતિ મામા મ્હને પરણાવશે,
મ્હારા સમી સંસારમાં કો ભાગ્યશાળી ના હશે;
એ રીતના ઉત્તમ મનોરથ અંતરે ધરતી હતી,
ગુણવંત પ્રેમપયોદધીમાં સ્નાન હું કરતી હતી. ૮૨

ગુણવંત આવેલો હતો દિન એક રમવા કારણે,
તે સાથ હું વિનોદમાં ઉભી હતી ઘર બારણે;
આવી અચાનક મામીએ ધમકાવિયો ગુણવંતને,
"તું કેમ આવે હરઘડી અમ ઘેર કમળાની કને. ૮૩

થૈ મર્દ રમતાં છોકરીથી કેમ શરમાતો નથી,
અમ ઘેર તું ના આવતો તુજને કહું છું આજથી;
મુજને કહ્યું કે જો હવે ગુણવંતને બોલાવશે,
તો હું સમી બીજી નથી એ વાત નક્કી માનજે." ૮૪

આ વજ્ર સરખાં વાક્ય મામીના મુખેથી સાંભળી,
ગુણવંત ગભરાઈ ગયો ને હું બની ગઇ બ્હાવરી;
વિજળી તણા આઘાતથી વિછિન્ન થઇ જાયે કળી,
તેવી દશા મ્હારી થઈ, આ શબ્દ કર્ણે સાંભળી. ૮૫

મુજ હૃદય વીણાના તડોતડ તાર સૌ તૂટી ગયા,
પગથી શિખા પર્યન્ત મ્હારાં અંગ લાગ્યાં ધ્રૂજવા;
આ સત્ય કે'છે કે હસેછે, હૃદયમાં શંકા થઇ,
પળવાર મ્હારી મામીના મુખને નિહાળી હું રહી. ૮૬

ક્રોધની જ્વાળા સમી કાન્તી નિહાળી તેહની,
પથ્થરતણી પ્રતિમા સમી હું શૂન્ય થઇ ઉભી રહી;
નીચે મુખે ગુણવંત મ્હારી પાસથી ચાલ્યો ગયો,
મુજ પ્રાણ જાતો હોય તેવો ખેદ મુજ હૃદયે થયો. ૮૭

મામી તણા આ કોપનું કારણ કળાયું ના કંઈ,
હું સજળ નયને વિકળ હૃદયે ઘરવિષે ચાલી ગઇ;
મુજ દેહ ઘરમાંહી ગયો પણ મન ગયું ગુણવંતમાં,
એ વીણ બીજો ખ્યાલ કંઇ આવે ન મારા ચિત્તમાં. ૮૮

મુજ નયનના આગળ છબી ગુણવંતની તરતી હતી,
જ્યાં જ્યાં નજર નાંખુ ત્યહાં એ આકૃતિ દિસતી હતી;
તેના મધૂરા શબ્દના પડઘા હૃદયમાં વાગતા,
આકાશવાણી તુલ્ય તેના નાદ અંતરમાં થતા. ૮૯

મ્હારા ઉપર માઠું હવે લાગ્યું હશે ગુણવંતને,
નક્કી રીસાશે તે હવે, હું એમ સોચ્યું અંતરે;
પણ દોષ કંઈ મ્હારો નથી, મુજથી રિસાશે કેમ એ,
હું એમ ધારી અંતરે, મનને મનાવું તે પળે. ૯૦

એ રીત આખો દિવસ મ્હારો શોકમાં ચાલી ગયો,
મુજ જીવ તો ગુણવંત કેરા ધ્યાનમાં મ્હાલી રહ્યો;
ચાહે ચકોરી ચંદ્રને નિજ આત્મકેરા ઐક્યથી,
તેવી સમાખી માહરી, લાગી ગઈ ગુણવંતથી. ૯૧

*　　　*　　　*

વાળુ કરી હું તે દિને રાત્રીવિષે સૂતી હતી,
આંખો મિંચી અંતરવિષે ગુણવંતને સ્મરતી હતી;
તે સમય મ્હારી મામીને ધીમે સ્વરે મામે કહ્યું,
મ્હારા સંબંધી વાત થાતાં લક્ષ મ્હારૂં ત્યાં ગયું ૯૨

મામા કહે “ કમળા” તણી વય બાર વર્ષતણી થઈ,
“માટે હવે વર યોગ્યથી કરીએ સગાઈ તેહની;
ગુણવંત ત્હેને યોગ્ય મ્હારા અંતરે ગોઠી ગયો,
તે સાથ કરીએ લગ્ન એ વિચાર મ્હેં મનથી કર્યો. ૯૩

ઘરના ગરીબ ખરો તથાપી સર્વ રીતે શ્રેષ્ઠ છે,
તે સાથ કરવા લગ્ન મ્હારી બ્હેનનો ઉપદેશ છે;
હરકોર પણ બહુ છે ભલાં કમળા સુખી ત્યાં તો થશે,
કન્યા ગરીબને આપતાં બહુ પૂણ્ય આપણને થશે.” ૯૪

આ વાકય મામાનાં સુણી મુજ મામીએ છણકો કર્યો,
‘નવરો લુહાર નથી’ કહીને અંગુઠો આગળ ધર્યો;
જાણ્યા તમે બહુ સત્યવાદી પૂણ્ય કેરી પૂંછડી,
ડહાપણ તણા ભંડાર ને દાતારના શિરોમણી. ૯૫

ના હોય તો અક્કલ ખરીદી લેઈ આવો હાટથી,
બકતાં ગમે તે બોલ મુખથી કેમ શરમાતા નથી;
એ કાગડાના કંઠમાં શું રત્નની માળા ધરૂં,
લવતાં વિચાર કરો જરા ડા’પણ તમારૂં જાણીયું. ૯૬

કર્યો સાંભળો ગુણવંતના કુળની કથા માંડી કહું,
એના પિતાએ લા'ય= લીધી તે જગત જાણે સહુ;
મરનાર તેના તાતનું કારજ હજી બાકીજ છે,
ફાંસો ગળે ખઇને મુવો, તે તો કથા જુદીજ છે. ૯૭
વિદ્યા ભણ્યો તે શું થયું ? શું રૂપ ગુણને બાળિયે,
ઘરનાં ભલાં શું કામનાં ? પણ આપણું સંભાળિયે;
કન્યા કનકની પૂતળી એને કદી દેવાય ના,
નીર નેવનાં મોભે ચઢે પણ વાત એ બનનાર ના." ૯૮
મામા કહે "એના વિના લાયક ખોળ્યે એકે નથી,
તો કેમ કરવું તે તણું તું બોલ ત્હારા મુખથી;"
મામી કહે "છાના રહો, શું દેડકે વરને ગળ્યા,
શું ઝાડ બીજ બળી ગયાં કે હિમ હિંગોળે ઠર્યા. ૯૯
લાયક કહો કે ના કહો પણ વાત મ્હારી સાંભળો,
વળતી તમારા હૃદયમાં વિચાર મનગમતો કરો;
અવતાર સૌ એળે ગયો દારિદ્રતાના દુ:ખથી,
ઉમ્મર વિતાવી આટલી પણ પાઈ ના ભેગી કરી. ૧૦૦
સ્વપ્ને સુખે સૂતાં નહી, ખાધું નહી ખાંતે કરી,
અંગે અરાડયું ના ઘરેણું, જન્મમાં તમને વરી;
પળમાં મિંચાશે આંખ તો આ બાળકોનું શું થશે,
એ વાતનો વિચાર કેમ થાતો નથી અંતર વિષે. ૧૦૧

= દેવાળું કાઢવું.

આ દાવ આવ્યો હાથમાં તે કેમ જાવા દીજીએ,
સૌ જીંદગીભરની કમાણી કેમ જાવા દીજીયે;
હરકોર પાસે પાઇ એકે ઝેર ખાવાને નથી,
ને દામ વીના વાત મ્હારી પાસ થાવાની નથી. ૧૦૨

મુજ ફોઇની પાડોશમાં જે વૈદ્ય લજ્જારામ છે,
વય આઠનો છે પુત્ર તેને મકુન જેનું નામ છે;
છે વૈદ્ય જાતે વૃદ્ધ તેથી એમ મનમાં ધારતા,
પોતા છતાં નિજ પુત્રને પરણાવવા વિચારતા. ૧૦૩

તે આપવા બંધાય છે, પહેલા રૂપૈયા બારસો,
ને સોંપવા તૈયાર છે કમળા તણો સૌ વારસો;
એવું કહીને કાનમાં કંઇ વાત ધીમેથી કરી,
યુક્તિ પ્રયુક્તિથી હૃદય મામા તણું લીધું હરી. ૧૦૪

"બે ચાર દહાડા લોક સૌ વાતો કરીને થાકશે,
પણ આપણું દારિદ્ર આખા જન્મનું ભાગી જશે;
છો ભાઇ ભાભારામના માટે કહું અત્યારથી,
આ વાત જાશે બ્હાર તો મ્હારા સમી એકે નથી." ૧૦૫

પળવારમાં તે વાતનો સૌ મર્મ હું સમજી ગઇ,
થાશે હરાજી માહરી મનથી વિચાર્યું મ્હેં તહીં;
આ દુષ્ટ રાક્ષસણી મ્હને ઉંડે કુવે ઉતારશે,
મુજ તાત કેરા કુળને કાળું કલંક લગાડશે. ૧૦૬

ગુણવંત ઉપર કોપનું કારણ હવે મ્હેં જાણિયું,
વિજળી તણા ચમકાર પેઠે હૃદય મ્હારૂં ચોંકિયું;
રે ! રે ! પિતા માતા જતાં મ્હારૂં જગતમાં કો નહી,
આ દુષ્ટના કરથી બચાવા, હાય ! મ્હારૂં કો નહી. ૧૦૭

આ વાત કે'વા કોઇને, હિમ્મત મ્હને આવી નહિ,
મ્હારા નસિબમાં દુ:ખ તેથી શરમ છોડાઇ નહીં;
ગુણવંતને પણ વાત આ કે'વા વખત નવ આવિયો,
ઘરથી નિકળવા બ્હાર પૂરો જાપતો મુજ પર થયો. ૧૦૮

જેવી ફસાયે ગાય દુષ્ટ કસાઈ કેરા હાથમાં,
તેવી દશા મ્હારી થઇ મામા તણા આવાસમાં;
હું રોઇને મ્હા દુ:ખમાં રજની દિવસ વિતાવતી,
રે હાય ! મ્હારૂં શું થશે ? એ રીતની ચિન્તા થતી. ૧૦૯

ક્યાંથી દયા જન દુષ્ટને, નિજ સ્વાર્થના આવેશમાં,
શાનો ડરે તે પાપ કરતાં દ્રવ્ય કેરા લોભમાં;
સ્વાર્થી જગતમાં આંધળો તે અન્ય કંઈ દેખે નહી,
પડદો છવાતાં સ્વાર્થનો પરદુ:ખને પેખે નહીં. ૧૧૦

મામા દબાયા પાપિણી મામી તણી બહુ ધાકથી,
ને સ્વાર્થના આવેશમાં સૌજન્યને દીધું ત્યજી;
મ્હારા નસિબના યોગથી મામી તણું ધાર્યું થયું,
મુજ લગ્ન લજ્જારામ કેરા પુત્રની સાથે થયું. ૧૧૧

કીધી હરાજી મ્હારી નાણું નગદ ઉપજાવીયું,
મ્હારા પિતાના કુળને કાળું કલંક લગાડીયું;
મિલકત બધી મુજ તાતની એ દુષ્ટ દૈત્ય ગળી ગયો,
વય અષ્ટનો વરરાય મુજને વારસામાં સોંપીયો. ૧૧૨

આણી ભરોંસો ભાઇને સોંપી ગઇ મુજ માવડી,
ત્હેણે દગો દઈ બ્હેનના વિશ્વાસ પર મુકી છરી;
જોડી અઘટતી જોડતાં મામે વિચાર કંઈ ના કર્યો,
નિજ સ્વાર્થની ખાતર અફળ અવતાર કીધો મ્હારો. ૧૧૩

છે ગાયને કન્યા ગરિબડાં જ્યાં દીએ ત્યાં જાય છે,
પરવશ પડેલાં પ્રાણિયોનાં જીવન ઝોલાં ખાય છે;
જે તાત કન્યાના ભવિષ્યના સુખને ના ઇચ્છતો,
તે દુષ્ટ કોટી કલ્પ રૌરવ નર્કનો ભોક્તા થતો. ૧૧૪

* * *

મ્હારી અકારી જીંદગીનો અંક બદલાયો વળી,
મામા તણા ઘરથી ઉપાડી સાસરા માંહી ધરી;
મુજ કંથ અષ્ટ વરષ તણો હું વર્ષ પૂરા બારની,
ભુંડા કરમના યોગથી અણજુગતી જોડી બની. ૧૧૫

સાસુ શ્વસુર આનંદ પામ્યાં નયનથી ન્યાળી મ્હને;
સૌ જીંદગી કેરી કમાણીનું સ્વરૂપ ધારી મ્હને;
મુજ જેવડી નણદી સખી સમ સ્નેહ દર્શાવી રહી,
સ્વામી તણી વસમી દશા મુજને નિહાળીને થઈ. ૧૧૬

સંતાય મુજને દેખતાં વિકાળ વાઘણુ શી ગણી,
હું જાઉં ઘરમાં કે તુરત તે બ્હાર જાયે નીકળી;
નીચું નિહાળી જાય નાસી, દૂરથી દેખી મ્હને,
ચમકેલ અશ્વ સમાન મુજને દેખતાં વ્યાકુળ બને. ૧૧૭

સહુ અંગ ઉઘાડું દિસે પ્હેરે જરાશી પોતડી,
મુખથી વછુટે લાળ, ભાષા સ્હેજ બોલે તોતડી;
પગમાં રૂપાનાં સાંકળાં ને × ચુડિયો બે હાથમાં,
દરરોજ શેરીમાં રમે સૌ બાળકોની સાથમાં, ૧૧૮

દડી દોટ ઘરમાં આવિને મુજ સાસુને વળગી પડે,
"આ મા મ્હને તે બીજવે છે" એમ બોલીને રડે;
એ જોઇને જાઉં બળી, હોળી ઉઠે મુજ અંતરે,
ઓ દુષ્ટ મામા હાય મ્હારો અફળ ભવ કીધો અરે. ૧૧૯

ભાવે નહીં ખાવું પિવું ને ઉંઘ પણ નહીં આવતી,
નિશ્વાસ નાંખી રોજ નયને નીર હું વરસાવતી;
હું જાઉં કૂવે કે તળાવે ત્યાં સખી મુજ જેવડી,
મુજ વર તણી વાતો કરી મુજને ચિડાવે સૌ મળી. ૧૨૦

બોલાય ના મુજથી જરી શરમાઈ મુખ સંતાડતી,
મનમાંહિ મામા મામીને હું શ્રાપ ઝાઝા આપતી;
જે રીત આંતરડી બળે મ્હારી, સખીના બોલથી,
તે રીત બળજો હૃદય ત્હેનું, આ દશા મારી કરી. ૧૨૧

× રૂપાની કલ્લીઓ.

મ્હારા સમાણી સુંદરી કેલી કરે નીજ કંથથી,
તે જોઇ મ્હારા હૃદયમાં ઉર્મી પ્રકટતી પ્રેમની;
પણ તે વિચારો મનવિષે પળમાંહી વિરામી જતા,
આઘાત થાતો અંતરે અવલોકતાં મ્હારી દશા. ૧૨૨

મુજનાથ અષ્ટ વરસતણોદેખુ જતાંનિશાળમાં,
નિશ્વાસ નાખું હું ઘણુારમતો નિહાળી બાળમાં;
રે ! રે ! વિધાતા વેરીએ આ શું લખ્યું મુજ ભાગ્યમાં,
શાં પાપ મ્હેં પૂર્વે કર્યાં મુજને ઉશેટી આગમાં ૧૨૩

સાસુ અને નણદી, મ્હને મીઠી નજરથી ન્યાળતાં,
મુજને હસાવા હરઘડી વાતો રસિક ઉચ્ચારતાં;
દિલમાં પ્રકટતી દ્હાયથી હસવું મ્હને આવે નહીં,
ઉદાશ અંતઃકરણમાં વાતો રસિક ભાવે નહીં. ૧૨૪

દશ દિવસ મ્હારા એ રીતે સસરા તણા ઘરમાં ગયા,
ગુણવંતના દર્શન વિના, દશ ભવ સમા મુજને થયા;
ગુણવંત જો મુજને મળે તો કર્મની કથની કહું,
હું એમ ધારી અંતરે ગુણવંતને મળવા ચહું. ૧૨૫

રે ! રે ! દશા આ દેખતાં ગુણવંત પણ દુખિયો થશે,
અવતાર મ્હારો અફળ જાણી નીર નયને આણશે;
પળમાં થતો વિચાર, કે છે શું હવે ગુણવંતથી,
કરવો ઘટે છે દૂર ત્હેનો ખ્યાલ મ્હારા ચિત્તથી. ૧૨૬



મુજ નાથ અષ્ટ વરસ તણો દેખું જતાં નિશાળમાં;
નિશ્વાસ નાંખું હું ઘણો રમતો નિહાળી બાળમાં.

MONARCH PRINTERY, AHMEDABAD

ગત જન્મના સરખો હવે સંબંધ ત્હેનો માનવો,
તે સ્વપ્ન સરખો ખ્યાલ મ્હારા મનથકી વિસારવો;
ગુણવંતને ભૂલી જવા દઢ યત્ન હું કરતી હતી,
ને હૃદયમાં મુજ કંથને હું સ્થાપવા મથતી હતી. ૧૨૭

પણ ના ભુલાયો અંતરેથી પ્રેમ એ ગુણવંતનો,
જળના તરંગો પેઠ રહી રહીને હૃદયમાં આવતો;
હર વખત ત્હેની આકૃતિ મુજ નજર આગળ આવતી,
ઘર કામમાં પણ ચુક, ઝાઝી વાર મ્હારાથી થતી. ૧૨૮

બહુ વાર ચોખા દાળ ભેગાં થઇ જતાં મુજ હાથથી,
બહુ વાર પુંજો ઘર તણો હું લઇ રસોડે નાંખતી;
બહુ વાર એઠું ઠાલવું જળથી ભરેલા પાત્રમાં,
બહુ વાર વાગે ઠેસ ઘરમાં ચાલતાં મુજ પાયમાં. ૧૨૯

બહુ વાર ભાન ભુલી જઈ હું શુન્ય થઈ ઉભી રહું,
હું કયાં ફરૂં છું શું કરૂં છું તે દશા વિસરી જઉં;
મનમાં સમજતી હું હતી, કે આ મ્હને ઘટતું નથી,
મનથી પરાયા પુરૂષનું કરવું સ્મરણ ઘટતું નથી. ૧૩૦

જળ જાન્હવી સમ જીવન મ્હારૂં શુદ્ધ હું ચ્હાતી હતી,
ગુણવંતને કરવા કલંકિત ઉર ઇચ્છા ના હતી;
પણ પ્રેમના બળ આગળે નીતિતણું નવ ચાલતું,
પરવશ પડેલું હૃદય મારૂં હઠ કરે નવ માનતું. ૧૩૧

હું બળ કરી બહુ વાર મ્હારો જીવ કબજે રાખતી,
ત્હોયે સમાધી માહરી ગુણવંતથી લાગી જતી;
નિર્દોષ બાળાવય વિષે આનંદ ક્રીડા જે કરી,
તે પ્રેમસાગરના તરંગો હૃદય ડોલાવે ફરી. ૧૩૨

મુજ મન વિષે ઇચ્છા હતી ગુણવંતના દર્શન તણી,
શી રીત આવે યોગ એવો એમ હું વિચારતી;
મુજ મામીએ ધમકાવિયો તે દિવસ મ્હેં જોયો હતો,
વળતી થતાં હું કબજ મળવાનો સમય નહિ આવતો. ૧૩૨

કોને કહું આ વારતા શી રીત સંદેશો કહું,
શી રીત ભેટો થાય ત્હેનો એમ અંતરથી ચહું;
અંતરતણો દૂમો બધો તે પાસ જૈ ખાલી કરૂં,
મ્હારૂં જીવન વૃત્તાન્ત તેની સમીપ જઇ કહેવા ચહું. ૧૩૪

મુજ શ્વશુરની પાડોશમાં બે ચાર ઘર બીજાં હતાં,
મુજ મામી કેરાં ફોઇ તે પાડોશમાં રહેતાં હતાં;
ચપળા કરીને તેમને દશ વર્ષની પુત્રી હતી,
મુજ પાસ તે હર વખત આવી પ્રેમ પૂરો દાખતી. ૧૩૫

ગુણવંતની શેરીવિષે મોસાળ ચપળાનું હતું,
તે કારણે તેનું તહાં બહુવાર જાવાનું થતું;
મ્હેં તેહ સાથે ગુપ્ત સંદેશો કહ્યો ગુણવંતને,
મળવા મ્હને એકાન્તમાં, સમી સાંજના શિવ મંદિરે. ૧૩૬

મળવા મ્હને ઇચ્છયું નહિ કંઇ લોકલજ્જાના બળે,
નિજ હસ્તથી લખી પત્ર તેણે પાઠવ્યો મ્હારી કને;
મુજ પાસ આવ્યો પત્ર તે મ્હેં પ્રેમથી કરમાં ગ્રહ્યો,
ગુણવંતનાં દર્શન સમો આલ્હાદ અંતરમાં થયો. ૧૩૭

ઘડીવાર દુ:ખ ભુલી ગઇ આનંદ સાગરમાં પડી,
એકાન્ત મળતાં એકલી હું તરત મેડી પર ચઢી;
લખતાં પડેલાં અશ્રુએ કંઇ અક્ષરો છેકાયલા,
તે જોઇ મ્હારી આંખમાંથી ઓઘ અશ્રુના વહ્યા. ૧૩૮

કોટી છબી ગુણવંતની એ અક્ષરે રમતી હતી,
જાણે મ્હને નીતિતણો ઉપદેશ એ કરતી હતી;
સુવર્ણ સરખાં વાકય પંક્તિબદ્ધ ગોઠવિયાં હતાં,
પરિધાન મુજ હૃદયે થવાનાં ચિત્ર ચીતરિયાં હતાં. ૧૩૯

ઉપદેશ આશ્વાસન ભરેલાં વાકય એ ગુણવંતનાં,
મુજ હૃદય વીણા વાદ્ય સાથે ગાન કરવા લાગિયાં;
તે સાંભળો સરવે ત્હમે મુખ પાઠ ત્હેનો છે મ્હને,
મ્હારા જીવન ગુરૂદેવને નવરાવજો અશ્રુ જળે. ૧૪૦

* * *

દુર્દૈવથી પરવશ પડેલી સ્નેહની એ વેલડી,
આ પત્ર વાંચીને હવે કરજે સમાપ્તિ સ્નેહની;
જાજે ભૂલી અંતરવિષે તુ આજથી ગુણવંતને,
ના લાવતી એ બાળપણના ભાવ ત્હારા અંતરે. ૧૪૧

દેખી દશા ત્હારી દુખી છું વાત નક્કી માનજે,
તું ધૈર્ય ધારીને સદા હૈયું કઠણ કરી રાખજે;
જે સાથ જોડયું જીવન ત્હારૂં તે હવે નીભાવજે,
બળવાન ઇચ્છા દૈવની છે એમ મનથી માનજે. ૧૪૨

મનથી મ્હને ના ઇચ્છતી એ પ્રાર્થના મ્હારી હવે,
સ્ત્રીધર્મથી ઉલટી વહી બનતી કલંકિત ના હવે;
જેને વરી તે નાથ ત્હારી જીંદગીનો સાર છે,
ભવસાગરે તુજ દેહરૂપી નાવનો આધાર છે. ૧૪૩

મુજને હવે તુજ ધર્મનો બંધુ હૃદયથી ધારજે,
તું ધર્મની ભગિની બની મુજને સદા સંભાળજે;
સંસારમાં સહુ નારને ભગિનિ હવેથી મ્હેં ગણી,
ગુણવંતકેરા પ્રેમની એ માનજે પ્રેમાંજલી. ૧૪૪

* * *

અમૃત સમા ઉપદેશવાળો પત્ર એ ગુણવંતનો,
તે વાંચતાં મુજ નયનથી અશ્રુ પ્રવાહ વહ્યો ઘણો;
બે ચાર વેળા વાંચતાં મુખપાઠ વાકયો થઇ ગયાં,
મુજ હૃદયમાં તે વાકય વિધિના લેખ સમ અંકિત થયાં. ૧૪૫

ગુણવંત ઉપર તે પળે અતિ પૂજ્ય બુદ્ધિ ઉપજી,
છે ધન્ય બાળસખા ત્હને મ્હારી સુધારી જીંદગી;
તું આજથી ગુરૂદેવ મ્હારો, હું હવે શિષ્યા સદા,
ઉપદેશ ત્હારો અંતરેથી ના વિસારૂં હું કદા. ૧૪૬

મુજ માટ ત્હેં સંસારને આપી અરે તિલાંજલી,
તે ના ગમ્યું મુજ અંતરે, ઓ સંતના શિરોમણી;
એ કઠણ વ્રત ત્હારૂં સખા મુજ હૃદયને વીદારશે,
મુજ માટ ત્હેં સુખ ત્યાગિયું તેથી મ્હને ચિન્તા થશે. ૧૪૭

'જાજે ભુલી અંતર વિષે તું આજથી ગુણવંતને,'
એ વજ્ર સરખાં વાકય ત્હારાં કેમ ના બાળે મ્હને;
અવિભક્ત અંતર આપણું તે કેમ ભિન્ન હવે થશે,
જળથી અલગ થાતાં, જરા શું માછલી જીવી શકે ? ૧૪૮

તુજને નિહાળી દૂરથી મુજ હૃદય રીઝાવીશ હું,
તુજ ધર્મની ભગિની બની હરનીશ સંભાળીશ હું;
જે સાથ જોડયું જીવન મ્હારૂં તેહ નીભાવીશ હું,
મુજ નાથને ઈશ્વરતણા અવતાર સમ માનીશ હું. ૧૪૯

પણ તુજ ઉપરનો પ્રેમ મ્હારો લુપ્ત થાવાનો નથી;
સહવાસ ત્હારો હે સખા ! મનથી ભુલાવાનો નથી;
એ રીતના વિધવિધ વિચારો હૃદયમાંહી આવતા,
ગુણવંત ઉપર નિર્વિકારી પ્રેમને દરશાવતા. ૧૫૦

* * *

વર્ષો સમયનાં વાદળાં પેઠે દિવસ જાતા હતા,
મ્હારી દશાના રંગ પણ તે સાથ બદલાતા હત;
સ્વામીતણું સુખ તો મ્હને તલમાત્ર પણ મળતું નહીં,
સાસુ નણંદના સંગમાં દિન માહારા જાતા નહીં. ૧૫૧

એકાન્તમાં હું કંથ સાથે બોલવા ઇચ્છા કરૂં,
પણ જાય નાસી દૂર, મુજને દેખતાં હું શું કરૂં;
જો હસ્ત ઝાલું હેતથી તો ચીસ પાડીને રૂવે,
હું શું કરૂં કોને કહું આ કર્મની કથની હવે. ૧૫૨

આવે સપરમા દિવસ ને આનંદ માણે માનુની,
નિજ સ્વામીની સંગે રમે, નવ યૌવના મ્હારા સમી;
કો નવલ વસ્ત્રાભૂષણ ધારી દેવને મંદિર જતી,
નિજ નાથની વાતો કરી સખીં સંગ મુખ મલકાવતી. ૧૫૩

વનિતા વિનોદે ઘેલડી મળી પ્રેમની વાતો કરે,
મ્હારા હૃદયમાં તે સમે સંતાપની હોળી બળે;
આ અણસમજણા નાથ મ્હારા સમજણા ક્યારે થશે,
ક્યારે મ્હને આનંદના અબ્ધિ વિષે નવરાવશે. ૧૫૪

દિન રાત હું સંતાપમાં મહા કષ્ટથી વીતાવતી,
ઉગતા હૃદયના ભાવને મ્હા યત્નથી નીવારતી;
હું શિયળવંતી શુદ્ધ મનની ઉંચ કુળમાં અવતરી,
નિજ સ્વાર્થ સાધી માર્માએ દુઃખમય બનાવી જીંદગી. ૧૫૫

* * *

અંકુશ મુજ સાસુ તણો સસરા ઉપર પૂરો હતો,
વરતે સ્વચ્છંદે તે સદા મદ પૂર્ણ યૌવનનો હતો;
સસરા હતા વયવૃદ્ધ ઝાઝું આંખથી દેખાય ના,
અપમાન મુજ સાસુ કરે પણ તેહને કહેવાય ના. ૧૫૬

છણુકા કરે સાસુ સદા શબ્દો અઘટતા ઉચ્ચરે,
વયવૃદ્ધ મુજ સસરા બિચારા સહન તે સરવે કરે;
મુજ હૃદયમાં આવે દયા નિર્દોષ એહ વડીલની,
સઘળું નિહાળી હું રહું ઉર બીક બહુ સાસુતણી. ૧૫૭

પાડોશનાં નરનારને આવે દયા ડોસા પરે,
પણ કર્કશા સાસુ તણી ભીતી સરવ મનમાં ધરે;
મુજ નાથને પણ રોજ મારે માર મ્હારા દેખતાં,
તે જોઇને મ્હારા નયનમાં નીર નિત્યે આવતાં. ૧૫૮

મુજ સાથ પણ ધીમે ધીમે નિજ સ્વરૂપને પ્રગટાવીયું,
ત્હેં આ ઉઘાડયું, આ બગાડયું, એમ કહેવા માંડીયું;
હું સર્વ સાંખીને રહું ઉત્તર નહીં આપું કદા,
તો પણ ગમે તે વાંક કાઢી ત્રાસ આપે સર્વદા. ૧૫૯

પ્રત્યક્ષ મુર્ત્તિ કલેશની જાણે વિધાતાએ ઘડી,
હું પૂર્વના દુર્દૈવથી એ સાસુને પાલે પડી;
જે જન્મથી દુઃખમાં વસ્યું તેને કદી સુખ હોય ના,
ઘનઘોર અંધારી નિશામાં ચંદ્ર દર્શન હોય ના. ૧૬૦

ત્યાં એક દેવીદાસ નામે દુર્ગુણી સાધુ હતો,
અમ શેરીમાં હરરોજ તે ભીખ માગવાને આવતો;
બહુ મંત્ર જંત્ર અનેક તંત્રો વસિકરણ કરી જાણતો,
ભોળાજનોને ભોળવી તે ગામમાં ફાવી જતો. ૧૬૧

છાપાં તિલક ઝાઝાં કરીને શરીરને શોભાવતો,
કરમાંહિ પ્હેરે બેરખા દશ વિશ માળા ધારતો;
રાખે વળી કરતાલ કરમાં કૃષ્ણ કૃષ્ણ કહ્યાં કરે,
આંકેલ સાંઢ સમાન આખા ગામમાં નીત્યે ફરે. ૧૬૨

આવી અમારે ઘેર નીત્યે બેસતો ડોસા કને,
હી ! હી ! કરી હસતો ઘણું મુખથી ગમે તેવું લવે;
સંબંધ વિનાનાં ઘણાં વચનો ઉચારે જ્ઞાનનાં,
બહુ ડોળ રાખે સિદ્ધનો જાણે ખપુ વિદ્વાનમાં. ૧૬૩

મુજ સાસુની સાથે સદા વચનો વદે વૈરાગ્યનાં,
નાચે કુદે પદ ગાય રાધાકૃષ્ણના શ્રૃંગારનાં;
નાંખે નજર મ્હારા તરફ કારી વિકારી આંખથી,
હું સર્વ લક્ષણ એહનાં સમજી ગઇ મુજ હૃદયથી. ૧૬૪

આવે વખત બેવખત ઘરમાં એકલી દેખી મ્હને,
ચેષ્ટા કરે બહુ અંગની કુદ્રષ્ટિએ દેખે મ્હને;
ઉત્તર નહીં આપું છતાં બેળે મ્હને બોલાવતો,
ને પ્રસંશા પોતાતણી નીજ મુખથી કરતો હતો. ૧૬૫

હું શરમની મારી સહુ વચનો કહે તે સાંખતી,
મુજ મન થકી એ દુષ્ટને યમદૂત સરખો માનતી;
સાસુ કને નહીં વાત થાયે કંથને હું શું કહું,
હું મૌન ધારી અંતરે એ દુષ્ટ બોલે તે સહું. ૧૬૬

મુજને ફસાવા કારણે યુક્તિ અધિક દુષ્ટે કરી,
હું કોઇ રીતે તેહના ફંદાવિષે આવી નહી;
જળમાં કમળ રહે છે સદા પણ સ્પર્શ જળનો થાય ના,
સતિનું વિમળ મન કોઇ કાળે વિષયમાં લલચાય ના ૧૬૭

હું એક દહાડો ઘેરથી સમીસાંજના બેડું લઇ,
પાડોશની પ્રમદાતણી સંગે કુવે પાણી ગઈ;
એ લાગ જોઈ દુષ્ટ દેવીદાસ વાંસે આવિયો,
બે ચાર ત્હેના દુષ્ટ સાથી સાથ છૂપાઈ રહ્યો. ૧૬૮

હું જળ તણું બેડું ભરી ચાલી કુવેથી જે ઘડી,
થાશે અસુર એમ જાણી ઝડપ ચાલ્યાની કરી;
પ્રમદા હતી મુજ સંગમાં તે સ્હેજ પાછળ રહી ગઇ,
એ લાગ જોઈ દુષ્ટ દેવીદાસ આવ્યો સજ થઇ. ૧૬૯

બે બાજુએથી બે જણા આવ્યા અચાનક માર્ગમાં,
બેડું ઉઠાવ્યું માહારૂં નાઠા લઈ પળવારમાં;
જેવી રીતે સીતા સતીનું હરણ કીધું રાવણે,
તે રીત પાછળથી મ્હને પકડી તરત એ સાધુડે. ૧૭૦

મુખ દાબિયું બહુ બળ કરી તેથી અવાચક હું થઈ,
અણચિંતવ્યા આ યોગથી શુદ્ધિ સરવ મ્હારી ગઈ;
અદ્ધર ઉઠાવીને મ્હને સંકેત સ્થાને લઈ ગયો,
મ્હારૂં શિયળ સંહારવા એ દુષ્ટ તત્પર થઈ ગયો. ૧૭૧

મ્હેં સ્મરણ કીધું શ્રી હરીનું શિયળનું રક્ષણ થવા,
ચંડિ સ્વરૂપ ધારી ઉભી એ દુષ્ટને સંહારવા;
બળહીણ હું પણ એ સમે પ્રભુએ મ્હને બળ આપિયું,
નહિ પ્રાણની પરવા રહી દ્રઢ નિશ્ચયી હૈયું થયું. ૧૭૨

ઓ દુષ્ટ કુડાં કર્મના કરનાર નીચ નરાધમા,
ધીક્કાર છે શતવાર તુજને પાપકેરા પુતળા;
છે ધીક્ક ત્હારા ભેખને ધીક્કાર ભક્તિ તાહરી,
આ કૃત્ય કૂડાં તાહરાં, કયમ સહન કરશે શ્રીહરી. ૧૭૩

આ શબ્દ મ્હારા સાંભળી હી ! હી ! હસ્યો કામાન્ધ એ,
આવ્યાં હવે મુજ લાગમાં શાન્તિ ધરો શ્યામા ત્હમે;
ખાઓ પીઓ ધન વાપરો માણો મઝા મન માનતી;
આ દાસ ઉપર રે'મની દ્રષ્ટિ કરો હે માનુની. ૧૭૪

સાસુ ત્હમારાં સર્વ રીતે માહરી સેવા કરે,
ને આપ અતડાં થાવ તે મ્હારા હ્રદયને ના ગમે;
સ્વામી ત્હમારો છેક ન્હાનો, છો ત્હમે નવયૌવના,
સમજી સલુણી શાન્ત થઇ મ્હારી સ્વિકારો યાચના. ૧૭૫

એવું કહી એ દુષ્ટ ત્યાં મુજને પકડવા આવિયો,
ધુળ ચાટતો પળવારમાં પગના પ્રહારે મ્હેં કર્યો;
મ્હેં દોટ મુકી તુર્ત ત્યાં, નિકળી જવા ઘર બારણે,
એ દુષ્ટ પાછળ આવિયો મુજને પકડવા કારણે. ૧૭૬

મ્હેં બુમ પાડી ધાઓ કોઇ આ સમે ઉગારવા,
આવ્યા અચાનક બે જણા તે ઠામમાં ઉતાવળા;
મ્હેં ઓળખ્યો ગુણવંત ત્હેના મિત્ર સાથે આવિયો,
જાણે અણીના સમયમાં જગનાથ સ્હાય મ્હને થયો. ૧૭૭

ગજને બચાવા ગ્રાહથી જાણે પ્રભુ આવી ચડયા,
બન્ને જણાને દેખતાં કર દુષ્ટના હેઠા પડયા;
ઝાઝી ચઢાવી રીસ ને એ દુષ્ટ વાણી ઉચરી,
જાઓ ત્હમારે મારગે જો આશ જીવ્યાની કરો. ૧૭૮

એવું કહી એ દુષ્ટ મુજને ઝાલવાને આવિયો,
તે સમય ત્યાં ગુણવંત દેવીદાસને બાઝી પડયો;
ગુણવંત દેવીદાસ બે બ઼ઝયા કરીને બાકરી
ગુણવંતના મિત્રે મ્હને છટકી જવા સંજ્ઞા કરી. ૧૭૯

મુજ માટ સંકટમાં પડેલાને તજી નિર્દય થઈ,
ના છુટકે નાઠી તહીંથી સાસરે સત્વર ગઇ;
નવ શ્વાસ માય શરીરમાં, બોલાય ના મુખથી જરી,
મુજ સાસુની પાસે જઇ, હું ધ્રૂસકે રોઈ પડી. ૧૮૦

સાસુ કહે વહુ શું થયું, તું કયારની કયાં ગઇ હતી,
ઝટ બોલ શા માટે રડે, ઉત્તર નથી કયમ આપતી;
મ્હેં સર્વ મુજ ઉપર વિતેલું અથ ઇતિ માંડી કહ્યું,
તે સાંભળી સાસુતણું મુખ ક્રોધથી રાતુ થયું. ૧૮૧

લાગી મ્હને ધમકાવવા, શબ્દો વદી અણુછાજતા,
શું છેતરે છે તું મ્હને દુર્ગુણ જણાવી સંતના ?
એ દેવના અવતાર જેવા સંતને દોષિત કરે,
થઇ આજ કાલતણી મ્હને ઉડાડવા હિંમત ધરે. ૧૮૨

જો નેવનાં નીર મોભે જાયે, પશ્ચિમે ઉગે રવિ,
આવે શિતળતા અગ્નિમાં, ઉલટી વહે કદી જાન્હવી;
બનવું અશક્ય બને કદી, પણ વાત એહ મનાય ના,
મહારાજ દેવીદાસ તેહ વિકારને વશ થાય ના. ૧૮૩

ત્હેં કૃત્ય કંઇ કૂડું કર્યું તે મુજથી છૂપાવવા,
મનથી ચહે એ સંતને શિર સર્વ ઢોળી પાડવા;
એવાં વદીને વેણ ઝાઝાં ગાભરી મુજને કરી,
બોલી શકી નહિ કાંઇ હુ, મેં મૌનવૃત્તિ આદરી. ૧૮૪

રે ! રે ! પ્રભુ હું શું કરૂં સાચું કહ્યું જુઠું થયું,
જ્યાં બ્હાર ત્યાંથી ધાડ આવી ઝેર અમૃતનું થયું;
મુજને બચાવી દુષ્ટ કરથી, બ્ડોરીને શિર આપદા,
એ ધર્મબંધુના ઉપર આવી હશે શી આપદા. ૧૮૫

ક્યાં દુષ્ટ દેવીદાસ એ મદમસ્ત હસ્તીના સમો,
સામો અરે ગુણવંત ક્યાં કોમળ અને કૃષ અંગનો;
રે હાય ! મ્હારે માટ એના જીવનની હાની થશે,
એ દુષ્ટ એના અંગને મરડી મરચડી નાંખશે. ૧૮૬

નજરે નિરખવાનો સમય આવ્યો છતાં એળે ગયો,
નિરભાગિણી હું નારના કરમે દુ:ખી તેતો થયો;
એ રીતના કરતાં વિચારો રાત સૌ વીતી ગઇ.
દિન ઉગતાં સહુ ગામમાં ચરચા અધિક મ્હારી થઈ. ૧૮૭

મ્હારા સંબંધે સાધુડે સૌને જુઠું સમજાવિયું,
પોતાતણું જે કૃત્ય કાળુ તે સરવ છૂપાવીયું;
મુજ સાસુ પાસે આવીને વાતો બનાવીને કરી,
નજરો નજર મ્હેં આજ દેખી દુષ્ટતા વહુઅરતણી. ૧૮૮

ગુણવંત સાથે સાંજના તે એકલી જાતી હતી,
તે ના ખમાયું મુજથકી માટે કરી રોકી હતી;
કીધું ઘણું અપમાન મ્હારૂં શબ્દ અણુઘટતા વદી,
છે બાળબુદ્ધિ એમ જાણી મ્હેં સહન શક્તી ધરી. ૧૮૯

ગુણવંત સાથે મિત્ર ત્હેનો એક આવેલો હતો,
તે બે જણે મળીને મ્હને ત્યાં માર ઝાઝો મારિયો;
ધાતી અનીતિ ટાળવા હું ફરજ સમજીને ગયો,
તો ધરમ કરતાં ધાડ આવી, લાભ એ મુજને થયો. ૧૯૦

આ સાંભળીને વાત ઝાઝી રીસ સાસુએ કરી,
મ્હારા ઉપર વિકાળ વાઘણુ પેઠ તે તૂટી પડી;
ઓ દુષ્ટ રંડા કેમ મુખથી વાત ત્હેં જુઠી કરી,
ત્હારૂં છુપાવા કૃત્ય કાળુ વાત કેવી ગોઠવી. ૧૯૧

ચોરી કરીને ચોર દંડે જેમ ચોકીદારને,
તેવો કર્યો ત્હેં તાલ પણ નવ પાપ તો ઢાંકયું રહે;
અપવાદ જુઠો ઈશ જેવા સંતને શીરે ધરી,
ભોળી ગણી મુજને ખરે ઉતારવા યુક્તિ કરી. ૧૯૨

આવું વદી મુજ પાસથી છણુકો કરી ઘરમાં ગઈ,
તે સમયથી સૌ રીતથી મ્હારી દશા માઠી થઇ;
સૌ લોકમાં મ્હારા સંબંધે આળ અણઘટતાં ધરી,
મ્હારી અને ગુણવંતની બહુ રીત વાતો ગોઠવી. ૧૯૩

મુજ કંથને ગુણવંતનું દઇ નામ ને ભંભેરિયો,
જુઠા ભરાવી કાન મુને મારવા ઉશ્કેરિયો;
એ અણસમજણા નાથ મ્હારા માતની વાતો સુણી,
બહુ દુઃખ દેવા લાગિયા વ્યભિચારીણી મુજને ગણી. ૧૯૪

* * *

દરકાર મ્હારા દેહની તલભાર મુજને ના હતી,
પણ એક ચિન્તા નિત્ય મ્હારા હૃદયને વીદારતી;
મુજ કારણે ગુણવંત ઉપર આળ જુઠું આવતું,
તેથી હૃદય મ્હારૂં સદા સંતાપથી બળતું હતું. ૧૯૫

જેણે અરે મુજ કારણે સંસારની હોળી કરી,
જેણે મ્હને ઉપદેશ આપી સત્ય પથે દોરવી;
જે ધર્મનો અવતાર પારાવાર સૌ સદ્‌ગુણનો,
તે હું અભાગી નારના કરમે વગોવાયો ઘણો. ૧૯૬

હું પ્રાર્થના કરતી પ્રભુ તું સત્યનો આધાર છુ,
આથી અધિક સંકટ પડે તે સાંખવા તૈયાર છું;
પણ શિયળ મ્હારૂં હે હરિ તું સર્વદા નીભાવજે,
આ દીન દાસીને સદા તું સહન શક્તિ આપજે. ૧૯૭

હું દોહ્યલા દિન માહ્યરા મહા દુ:ખમાં વીતાવતી,
મુજ નાથને ઈશ્વરતણા અવતાર સરખા માનતી;
એકાન્તમાં કરી પ્રાર્થના હું સત્ય વાત જણાવતી,
મ્હારા વિતકની વારતા હું તેમને સમજાવતી. ૧૯૮

પણ માતની શીખામણે બહુ માર મુજને મારતા,
ને વજ્ર સરખાં વાકયથી મ્હારા હૃદય ને બાળતા;
ઠરવા તણું નહિ ઠામ મ્હારે ક્યાં જઉં કોને કહું,
દિન રાત કાઢું રોઇને હું સંકટો સરવે સહું. ૧૯૯

મુજ સ્વસુર સઘળી સાંભળે મ્હારા વિતકની વારતા,
હું શિયળવંતી શુદ્ધ મનની તેહ પોતે જાણતા;
મ્હારા ઉપરનો ત્રાસ દેખી દુ:ખ ડોસાને થતું
પણ પાપિણી પિશાચણી આગળ કશું નવ ચાલતું. ૨૦૦

મુજ નાથને પણ હું કદી નિર્દોષ મનથી લાગતી,
પણ માત પાસે બોલવા હીંમત જરા નહીં ચાલતી;
નણુદી નઠારી વેણ વસમાં વદનથી વરસાવતી,
નિજ ભાઈને ભંભેરવામાં તે કસર નહિ રાખતી. ૨૦૧

દિન રાત હું અંતઃકરણમાં ધૈર્યનું બળ ધારતી,
સાસુ નણંદ ને સાધુના હઠ્ઠા હઠાવી રાખતી;
સંકટતણો શિર પ્હાડ તૂટ્યો, જુલમમાં જકડાઈ રહી,
હું મૌન્ય ધારી સર્વ સંકટ શિર ઉપર ધારી રહી. ૨

* * *

દિન એક હું ઘરકામથી થઇ મુક્ત ને બેઠી હતી,
સાસુ નણંદ નહિ ઘર વિષે તેથી જરા શાન્તિ હતી;
તે સમય ચપળાએ મ્હને કંઇ પત્ર કરમાં આપિયો,
દેખી હૃદય સમજી ગયું કે પત્ર આ ગુણવંતનો. ૨

તાપે તપેલા પ્રાણીને જ્યમ વૃક્ષનો છાંયો મળે,
તરસે સુકાતા કંઠમાં જ્યમ બુંદ અમૃતનું પડે;
જે રીત ગાઢા તિમિરમાંહી સ્હેજ ચમકે આગિયો;
દારૂણ દુઃખમાં પત્ર તેવી રીત મુજને લાગિયો. ૨

અશ્રુ જળે નવરાવિયો એકાન્તમાં એ પત્રને,
આતુર થઇ ઉકેલિયો ભયથી ધડકતા અંતરે;
તેમાં લખેલાં વાકય વાચ્યાં તીરના સરખાં હૃદે,
તે પત્રનો સારાંશ સરવે સાંભળો શ્રોતા તમે. ૨

* * *

હે જાળમાં જકડાયલી હરિણી સમી હતભાગિની,
દુઃખમાં ત્હને સંતાપવા લખતાં ધ્રુજે છે લેખિની;

હું નિવડયો અંગાર તુજ સૌભાગ્યતરૂને બાળવા,
દીધાં ત્હને બહુ દુઃખ મ્હેં ત્હેની ફરી યાચુ ક્ષમા. ૨૦૬

દૂરથી નિહાળી દુઃખ ત્હારૂં સહન થઈ શકતું નથી,
માટે હવે કરવા સમાપ્તિ ચાહું છું સંસારની;
તુજને ખરેખર દુઃખનો દેનાર જગમાં હુંજ છું,
ત્હેં સહન કરીયું દુઃખ સરવે અડગ મનની તુંજ છું. ૨૦૭

મનથી હવે સંસાર આ નિઃસાર મુજને લાગતો,
તુજને દુખી નીહાળવા હું હૃદયથી ના ઇચ્છતો;
માટે હૃદય તેડી જશે ત્યાં એકલો હું જાઉં છું,
આ જગતની જંજાળની કરવા સમાપ્તી ચાહું છું. ૨૦૮

તું દુખથી ડરતી નહી અન્તે વિજય ત્હારો થશે,
ત્હારા ઉપરનું વાદળું પળમાંહી વિખરાઇ જશે;
તુજ પ્રાણથી પણ શિયળને મોઘું ગણી સંભાળજે,
મનથી સદાને માટ તું ગુણવંતને ભુલી જજે. ૨૦૯

*   *   *   *

હિમથી બળેલી પદ્મિનીપર વજ્રનો ફટકો પડે,
તેવી રીતે એ પત્ર વાંચી દુખ વ્યાપ્યું અંતરે;
હિણભાગિની હું નાર શાને જન્મી આ સંસારમાં,
સુખની ઘડી નવ સાંપડી દુઃખરૂપ આ સંસારમાં. ૨૧૦

નાની વયે માતા પિતા મુજને તજી ચાલ્યાં ગયાં,
મામા અને મામી કરમના દોષથી વૈરી થયાં;
સાસુ નણંદ સ્વામી તણે મન હું ઠરી વ્યભિચારિણી,
મનથી પવિત્ર રહી છતાં જગમાં ગણાઈ જારિણી. ૨૧૧

હતભાગિની હું નારથી ગુણવંત પણ દુખિયો થયો,
સંસારની હોળી કરી ઘરબાર ત્યાગીને ગયો;
આથી અધીક શું દુઃખ ભોગવવું હજી બાકી હશે,
મ્હારી અકારી જીંદગીનો અંત ક્યારે આવશે. ૨૧૨

બહુ બળ કરી સાસુ મ્હને કરવા ચહે વ્યભિચારણી,
મુજ રૂપ યોવનના વડે કરવા કમાણી પાપિણી;
રે ! દુષ્ટ દેવીદાસ ભુખ્યા વાઘ સરખો ભાસતો,
મ્હારા શિયળનો ધ્વંસ કરવા માટ તલપાં મારતો. ૨૧૩

જેવી ફસાઇ હોય હરણી વાઘના ટોળા વિષે,
તેથી અધીક ભયથી ભરેલી જીંદગી મ્હારી દીસે;
મુજ શિયળને સંભાળવા હું ક્યાં જઉં ને શું કરૂં,
ઠરવા તણું નહિ ઠામ મ્હારે તો પછી ક્યાં જઇ ઠરૂં. ૨૧૪

કીધા વિચાર અપાર પણ આધાર કંઈ દેખ્યો નહીં,
કરવા સમાપ્તિ દેહની મનથી વિચાર્યું મ્હેં તહીં;
વાળુ કર્યો વિણ રાત્રિએ મેડી ઉપર સૂતી જઈ,
મનની વ્યથાથી લેશ પણ નિદ્રા મ્હને આવી નહિ. ૨૧૫

મુજથી રીસાઈ નાથ મ્હારા દૂર જઇ સૂતા હતા,
જે ઘોરવાના ઘોષથી મેડી ગજાવી મુકતા;
મુજ દુઃખ પેઠે સર્વ ઠામે તિમિર પ્રસરેલું હતું,
નિર્જન અરણ્ય સમુ સકળ આ જગત મુજને લાગતું. ૨૧૬

બહુ દૂર કે કે વાર ભસતા શ્વાનના શબ્દો થતા,
ભેદી તિમિર તે શબ્દ મ્હારા કાનમાંહી વાગતા,
વળી દુષ્ટ તસ્કર જાતથી જન વર્ગને ચેતાવવા,
શેરી તણે નાકે થતા ટઉકાર ચોકીદારના. ૨૧૭

મુજ હૃદયમાંહિ વિચારના ઉઠે તરંગો રહી રહી,
દુખ સર્વની કરવા સમાપ્તિ ધારતી અંતર મહીં;
મનથી કરી નિશ્ચય પછી ઉઠી પથારી ત્યાગીને.
ચાલી ધીમે પગલે, પતિને પાય દૂરથી લાગીને. ૨૧૮

હું કયાં જઉં છું આ પળે, મનથી વિચાર્યું ના હતું,
દુખથી દબાયેલા હૃદયમાં ભાન મુજને ના હતું;
હું નીકળી ઘર બ્હાર તો રાત્રિ ભયાનક લાગતી,
અંધાર ઘોર-ગુફા વિષે હું એકલી જાણે ઉભી. ૨૧૯

આકાશમાંહી તારલા દુર્જન સમા દિસતા હતા;
દુખિણી મ્હને દેખ્યા છતાં ગગને ચડી હસતા હતા;
પાછી નજર કીધા વિના હું પોળને નાકે ગઇ,
દેખી ભયાનક દુઃખ મ્હારૂં, બીક પણ નાશી ગઈ. ૨૨૦

દીલમાં ડર્યો વિણુ નીકળી દરકાર છોડી દેહની,
ધાડા તિમિરમાં ઘોર વનમાં એકલી પંથે પડી,
આજે બપોરે આંહી આવી માર્ગનાં દુખ ભોગવી;
હું અન્ન જળ ને ઉંઘવું ત્રણુ દિવસથી પામી નથી. ૨૨૧

મનહર નિહાળી રૂપ શ્રીરણુછોડનાં દર્શન કર્યાં,
વિનવી પ્રભુના ચરણુમાં મુજ દુઃખ નિવેદન કર્યાં;
મ્હેં માફી માગી નાથની તન ત્યાગવાના વાંકની,
હું ગોમતીને તીર નિર્જન સ્થાન શોધીને ગઇ. ૨૨૨

તે ઠામમાં અણુચિંતવ્યો આ ભાઈનો ભેટો થયો,
દુખપૂર્ણ મ્હારા દેહનો થાતાં નિપાત બચાવિયો;
કહી આત્મકથની આટલી તરૂણી અવાચક તે થઇ,
દુઃખની અને ભુખની વ્યથાના ભારથી ધરણી ઢળી. ૨૨૩

કરૂણાજનક આ વારતા સૌ સાંભળી દુખિયાં થયાં,
તે નારનાં નિર્દય સગાંને શ્રાપ દેવા લાગિયાં;
અશ્રુ ભરેલી આંખથી સરવે ગયાં નિજ મંદિરે,
મ્હેં શાન્ત્વના તેહની કરી વાળુ કરાવ્યું મ્હા બળે. ૨૨૪

* * *

ઓ હિન્દમાં ઉત્તમ મનાતી જ્ઞાતિના અગ્રેસરો.
આ સુંદરીના કર્મની કથની જરા ચિત્તે ધરો;
પાષાણુનાં અંતર તમારાં હોય તો પણુ પીગળે,
દીલમાં દયાની લાગણી ના હોય પણુ હૈયું બળે. ૨૨૫

વિકાળ હિંસક પ્રાણીયો પણ સંતતીને ચ્હાય છે,
પણ માનવી નિર્દય બની સંતતીને ખાય છે;
પાળેલ પ્રાણીને કદી ક્રુર ખાટકી પણ ના હણે,
પણ દુષ્ટ મા બાપો હણે નિજ પેટના સંતાનને. ૨૨૬

નિજ હસ્ત વાવી વેલડી જળ પાઇને પોષણ કર્યું,
સુખકર બનાવી છાંય રવિના તાપથી રક્ષણ કર્યું;
વિધવિધ પ્રકારે વિલસતાં વૃક્ષે વિંટાવા તે ગઇ,
નિર્દય બની એ વેલડીને ઝાંખરે ઝીકી જઇ. ૨૨૭

બાળા મનોહર વેલડી આ વિશ્વરૂપી બાગની,
માતા પિતાના હસ્તથી પોષણ થતાં પ્રફુલિત બની;
*સહકાર સમ ગુણવાન સંગે વીંટવા લાયક થઈ,
નિર્દય બની માતાપિતાએ ઝાંખરે ઝીકી જઇ. ૨૨૮

સ્વાર્થી પિતા માતા સુતાના હિતને જોતાં નથી,
તે દાસ પૈસાનાં બની ગુણ દોષ કંઈ જોતાં નથી;
કંઇ કાગ કોટે રત્નમાળા એ રીતે બંધાય છે,
લાખો બિચારી બાળકાઓ દુઃખમાંહિ દટાય છે. ૨૨૯

થૈ લોભને વશ પાપીયો પ્રીતે હરાજી તે કરે,
આપે વધારે દામ ત્હેને હસ્ત એ કન્યા ધરે;
વય વૃદ્ધ બાળક રોગી કે કો કુટિલને કર જાય છે,
કન્યા કનકની પુતળીનો જન્મ એળે જાય છે. ૨૩૦

---
* આંબો.

કુળવાન કૈં નિજ કુળતણા અભિમાનમાં અંધા બની,
નિજ પુત્રીને જઇ ઝીકતા સો હાથના ખાડા મહીં;
હોયે મુરખ વ્યસની જુગારી ત્હોય ચિત્તે ચ્હાય છે,
ખિલતી કળી સમ બાળિકાનું જીવન નિષ્ફળ થાય છે. ૨૩૧

રૂપે રૂડા ગુણવાન સદ્‌વિદ્યા ભણેલા રંકને,
કન્યાતણાં માતા પિતા કુળહિણ ગણતાં તેહને;
દુર્ગુણતણા ભંડાર પૈસાદારને ચિત્ત ચ્હાય છે,
નિર્દોષ ગુણિયલ બાળિકા દુખમાં દટાઇ જાય છે. ૨૩૨

માટે વિચારો બંધુઓ મનમાંહી સારાસારને,
અર્પો સુતાને યોગ્ય વરથી સુધરવા સંસારને;
તો દિન દિને ભારતભૂમિમાં ધર્મનું બળ વાધશે,
અંતઃકરણની આશિષો બાળા સદા વરસાવશે. ૨૩૩

આ કમનસીબ તરૂણીતણો ઇતિહાસ બાકી છે ઘણો,
તે માહીથી મ્હેં ફક્ત થોડો ભાગ આજ પ્રગટ કર્યો;
ઉત્તર અવસ્થા તેહની કો સમય પ્રગટાવીશ હું,
આજે સમય રોકયો ઘણો માટે હવે માફી ચહું. ૨૩૪

સમાપ્ત.



ઓ બ્હેન ના બ્હીનીશ તું આ સ્થાનમાં ભય કંઈ નહીં,
તુજ માત તુલ્ય અમો છીએ માટે જરા ડરતી નહીં.

વધુ માટે—**કમનસીબ કમળા** વાંચો.